# લોકસભા ચુંટણી એપ્રિલ-મેમાં યોજાવાની સંભાવના

## લોકસભા ચૂંટણી પાંચ તબક્કામાં યોજાઈ શકે છે : ચુંટણીની તૈયારીમાં ચુંટણીપંચ વ્યસ્ત : ચુંટણી કાર્યક્રમની ફેબ્રુઆરીના અંતે અથવા માર્ચની શરૂઆતમાં જાહેરાત : લોકસભાની અવધિ પહેલી જૂને પૂર્ણ : : લોકસભાની ચુંટણી નહીં લડવાનો શરદ પવારનો નિર્ણય

નવી દિલ્હી,તા. ૫

ચુંટણીપંચે એપ્રિલના મધ્યથી લોકસભાની ચુંટણી યોજવાની તૈયારી કરી લીધી છે. આ સમગ્ર કવાયત લાંબી ચાલશે. પાંચ તબક્કામાં આ સમગ્ર કવાયત યોજવામાં આવશે તેવા સંકેત મળી રહ્યા છે. એપ્રિલના મધ્યમાં શરૂ થયા બાદ મેની શરૂઆત સુધી ચુંટણીના તબક્કા ચાલશે. લોકસભાની ચુંટણીને લઈને ચુંટણીપંચ દ્વારા પ્રાથમિક તૈયારીઓ હાથ ધરવામાં આવી હોવાના અહેવાલ મળી રહ્યા છે. ભાજપ, કોંગ્રેસ અને રાજકીય પક્ષો ચુંટણીની તૈયારીમાં વ્યસ્ત બન્યા છે ત્યારે એપ્રિલના મધ્યમાં લોકસભાની ચુંટણી યોજાશે તેવા સંકેત મળવા લાગી ગયા છે. આ ચુંટણી માટેની જાહેરાત ફેબ્રુઆરીના અંતમાં અથવા તો માર્ચની શરૂઆતમાં કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ચુંટણીપંચના સૂત્રોએ કહ્યું છે કે, ચુંટણી માટેનુ કામ શરૂ થઈ ચુક્યું છે. લોકસભાની ચુંટણીની સાથે-સાથે આંધ્રપ્રદેશ, ઓરિસ્સા અને સિક્કીમમાં રાજ્ય વિધાનસભાની ચુંટણી પણ યોજાશે. ચુંટણી કાર્યક્રમની જાહેરાત ફેબ્રુઆરીના છેલ્લા દિવસોમાં અથવા તો માર્ચના પ્રથમ બે-ત્રણ દિવસમાં કરવામાં આવશે. વિસ્તૃત કાર્યક્રમની જાહેરાત કરતા પહેલા લોકસભા વોટ ઓન એકાઉન્ટ બજેટ પસાર કરવા છેલ્લી વખત મળે તેવી શક્યતા છે. આગામી સંસદમાં સંપૂર્ણ બજેટ રજુ કરવા નવી સરકાર માટે સમય રહે તે હેતુસર નવા નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ના પ્રથમ છ મહિના માટે ખર્ચની વિગતો જાહેર કરવામાં આવશે. જેના ભાગરૂપે વોટ ઓન એકાઉન્ટ બજેટ પસાર કરવામાં આવશે. એવી ચર્ચા છે કે, સંસદનું ખાસ સત્ર ભ્રષ્ટાચાર વિરોધી પગલાઓ પસાર કરવા ટૂંક સમયમાં જ બોલાવવામાં આવશે. વર્તમાન લોકસભાની અવધિ પહેલી જુનના દિવસે પૂરી થઈ ગઈ રહી છે. નવી લોકસભાની રચના ૩૧મી મે સુધી કરવામાં આવશે. લોકસભાની ચુંટણી પાંચ તબક્કામાં યોજવી જોઈએ કે પછી આનાથી વધુ તબક્કામાં યોજવી જોઈએ તેને લઈને ચુંટણીપંચ દ્વારા તૈયારી હાથ ધરવામાં આવી ચુકી છે. આગામી ચુંટણીમાં ૮૦ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરનાર છે. નવા મતદારો ઉમેરવામાં આવ્યા બાદ અંતિમ યાદી તૈયાર કરવામાં આવી રહી છે. પંચ દ્વારા મતદાર યાદી તૈયાર કરવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. કેટલીક આરોગ્ય ચકાસણી સિવાય બાકીની પ્રક્રિયા પૂર્ણ કરી લેવાઈ છે. ચુંટણીપંચના અધિકારીઓનું કહેવું છે કે, કુલ ૧.૧ કરોડ ચુંટણી કર્મચારી જે પૈકીના અડધા વધુ પૈકીના સુરક્ષા જવાનો ચુંટણી ફરજ ઉપર તૈનાત કરવામાં આવશે. સ્વતંત્ર અને નિષ્પક્ષ ચુંટણીની ખાતરી કરવા તમામ પગલાઓ લેવામાં આવશે. ચુંટણી કાર્યક્રમની જાહેરાત પહેલા અન્ય તમામ કામ પૂરા કરી લેવામાં આવશે. કેન્દ્રીય ગૃહ સચિવ સાથે મળીને તારીખ અંગે નિર્ણય લેવાશે. ચુંટણી કાર્યક્રમની જાહેરાત કરતા પહેલા કેન્દ્રીય અર્ધલશ્કરી દળોની તૈનાતી અંગે નિર્ણય લેવાશે. ચુંટણીપંચના અધિકારીઓ આ ચુંટણી માટે રાજ્ય પોલીસ ફોર્સની ઉપલ્બધતા માટે રાજ્યોના ડીજીપી સાથે વાતચીત કરી રહ્યા છે. દેશભરમાં આશરે ૮ લાખ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવશે. ચુંટણી માટે મતદાન સ્ટેશનો નક્કી કરવા વાતચીત ચાલી રહી છે.

# ૧૫-૨૦ રાજ્યમાં લોકસભાની ચુંટણી લડવા 'આપ'નો નિર્ણય

## આમ આદમી પાર્ટીની લોકસભા ચુંટણીની રણનીતિ તૈયાર : લોકસભા ચુંટણી માટે એએપી ૧૦મી જાન્યુઆરીથી દેશભરમાં મેં ભી આમ આદમી નામથી વ્યાપક અભિયાન ચલાવશે : માર્ચમાં ઘોષણાપત્ર જારી કરાશે

નવી દિલ્હી,તા. ૫

આમ આદમી પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં લોકસભા ચુંટણીને લઈને પાર્ટીની રણનીતિને આખરી ઓપ આપી દેતાં રાજકીય ગરમી વધી ગઈ છે. બેઠક બાદ આમ આદમી પાર્ટીએ લોકસભા ચુંટણી માટે પોતાની વ્યુહરચનાની જાહેરાત કરી હતી. રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં આમ આદમી પાર્ટીના પ્રમુખ યોગેન્દ્ર યાદવે પત્રકાર પરિષદને સંબોધતા કહ્યું હતું કે, આમ આદમી પાર્ટી દેશના ૧૫થી ૨૦ રાજ્યોમાં લોકસભા બેઠકો ઉપર પોતાના ઉમેદવાર મેદાનમાં ઉતારશે. પાર્ટી હરિયાણીની તમામ લોકસભા અને વિધાનસભા બેઠકો ઉપર પોતાના ઉમેદવાર મેદાનમાં ઉતારશે. યોગેન્દ્ર યાદવે કહ્યું હતું કે, લોકસભા ચુંટણીને લઈને પાર્ટી દેશભરમાં વ્યાપક સભ્ય અભિયાન હાથ ધરનાર છે. હજુ સુધી લેવામાં આવી રહેલી ૧૦ રૂપિયાની સભ્ય પદ અંગેની રકમ પણ લેવામાં આવશે નહીં. પાર્ટી ૧૦મી જાન્યુઆરીથી દેશભરમાં મેં ભી આમ આદમી નામથી એક અભિયાન ચલાવશે. જે હેઠળ દેશભરના લોકોને આમ આદમી પાર્ટી સાથે જોડાવવા માટે આમંત્રણ આપવામાં આવશે. આ અભિયાન ૨૬મી જાન્યુઆરી સુધી ચાલશે. યોગેન્દ્ર યાદવે કહ્યું હતું કે, પાર્ટી ૧૫થી ૨૦મી જાન્યુઆરી સુધી લોકસભા ચુંટણીના પોતાના ઉમેદવારોની પ્રથમ યાદી જારી કરશે




ત્યારબાદ જે રીતે નામ સપાટી ઉપર આવતા રહેશે તે રીતે અન્ય ઉમેદવારોની યાદી પણ જારી કરવામાં આવશે. ઉમેદવારોની યાદીની પસંદગી અંગે યાદવે કહ્યું હતું કે, દેશભરમાંથી સભ્યો લોકસભા ઉમેદવાર માટે અરજી આપી શકે છે. આ અરજીપત્ર આમ આદમીની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ કરાવી દેવામાં આવ્યા છે. ઓનલાઈન પણ ભરી શકાશે. આ અરજી જિલ્લા અને રાજ્ય સ્તર ઉપર પાર્ટી ઓફિસોમાં પણ આપી શકાશે. ત્યારબાદ ઈમાનદાર અને સ્વચ્છ પ્રતિષ્ઠાવાળા ઉમેદવારોની પસંદગી કરાશે. માત્ર ૧૫મી જાન્યુઆરી સુધી મળનાર અરજી પર વિચારણા થશે.

યોગેન્દ્ર યાદવે કહ્યું હતું કે, આમ આદમી પાર્ટી હરિયાણાની તમામ ૧૦ લોકસભાની ચુંટણી પર લડશે. સાથે-સાથે વિધાનસભાની ચુંટણીમાં પણ તમામ ૯૦ બેઠકો ઉપર ઉમેદવાર મેદાનમાં ઉતારવામાં આવશે. પાર્ટી ૧૫થી ૨૦ રાજ્યોમાં ચુંટણી લડશે. લોકસભાની ચુંટણીમાં રણનીતિ નક્કી કરવા માટે ચુંટણી પ્રચાર સમિતિ બનાવવામાં આવી છે. આ સમિતિમાં હાલમાં ત્રણ લોકો યોગેન્દ્ર યાદવ, સંજયસિંહ અને પંકજ ગુપ્તાને સામેલ કરવામાં આવ્યા છે.

આવનાર દિવસોમાં અન્ય લોકોને આ સમિતિમાં સામેલ કરવામાં આવશે. યાદવે કહ્યું હતું કે, પાર્ટી વિકાસ અને ભ્રષ્ટાચારના મુદ્દાને લઈને મેદાનમાં ઉતરશે. આના માટે જાહેરનામું માર્ચ મહિનામાં જારી કરાશે. આ અગાઉ કારોબારીની બેઠકના પ્રથમ દિવસે શનિવારે સમગ્ર દેશમાં ચુંટણી લડવાનો નિર્ણય કરાયો હતો.

# ભ્રષ્ટાચાર મામલે બાંધછોડ કરવા કેજરીવાલનો ઈનકાર

## કોઈપણ પાર્ટીના સભ્યને છોડવામાં નહીં આવે : થોડોક વધારે સમય આપવા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અપીલ : હાલ વ્યવસ્થા વધુ મજબૂત કરાશે

નવી દિલ્હી,તા. ૫

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ભ્રષ્ટાચાર સાથે કોઈપણ બાંધછોડ કરવામાં આવશે નહીં. ભ્રષ્ટાચારમાં સામેલ કોઈને પણ છોડવામાં આવશે નહીં કેજરીવાલે બાબા રામદેવને જવાબ આપતા કહ્યું હતું કે, જો ભ્રષ્ટાચારમાં કોઈપણ વ્યક્તિ સામેલ દેખાશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. કેજરીવાલે પત્રકારો સાથે વાતાચીતા



કરતા કહ્યું હતું કે, ભ્રષ્ટાચાર કરનાર વ્યક્તિ કોઈપણ પાર્ટીની હશે તો તેનાથી કોઈ ફરક પડશે નહીં. તેની સામે પુરાવા મળશે તો કઠોર કાર્યવાહી કરવામાં આવશે. દિલ્હીમાં સફળતા મેળવી લીધા બાદ લોકસભાની ચુંટણીની તૈયારીમાં વ્યસ્ત આમ આદમી પાર્ટીની આજે રાષ્ટ્રીય કારોબારીની બેઠક બીજા દિવસે જારી રહી હતી. આ બેઠક બાદ પક્ષની વ્યુહરચના જાહેર કરવામાં આવી હતી.

કેજરીવાલ સરકાર વિધાનસભાની ચુંટણીમાં જીત મેળવ્યા બાદ સારી કામગિરી અદા કરીને કોંગ્રેસ અને ભાજપને પડકાર ફેંકવા તૈયાર છે. કેજરીવાલે કહ્યું હતું કે, ભ્રષ્ટાચાર સાથે કોઈ બાંધછોડ કરાશે નહીં. આના માટે તમામ લોકો કટીબદ્ધ છે. અમારી પાર્ટીમાં ઈમાનદાર અધિકારીઓની જરૂર છે. કેજરીવાલે શનિવારે કહ્યું હતું કે, તેઓ લોકસભાની ચુંટણી લડશે નહીં પરંતુ પ્રચાર કરશે. કેજરીવાલે કહ્યું હતું કે, અમને થોડાક વધારે સમયની જરૂર છે. હાલમાં વ્યવસ્થાને વધુ મજબૂત કરવામાં આવી રહી છે. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિત દોષિત હશે તો તેમને પણ છોડવામાં આવશે નહીં. અરવિંદ કેજરીવાલે બાબા રામદેવ દ્વારા કરવામાં આવેલા પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા અને કહ્યું હતું કે, આમ આદમી પાર્ટી ભ્રષ્ટાચારને લઈને મક્કમ છે.

# ચારેય રાજ્યોમાં હાર માટે આંતરિક લોકો જવાબદાર

## ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ ૫૦ બેઠક જીતશે : મુઝફ્ફરનગરમાં સાંપ્રદાયિક હિંસા ગોધરા કરતા વધારે ખતરનાક : મોદી ક્યારે વડાપ્રધાન નહીં બને : બેનીપ્રસાદ

બાહરેચ,તા. ૫

કેન્દ્રિય સ્ટીલ પ્રધાન બેનીપ્રસાદ વર્માએ ચાર રાજ્યોમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર માટે આંતરિક લોકો જવાબદાર હોવાનો આજે આક્ષેપ કર્યો હતો અને કહ્યું હતું કે આવા લોકોના કારણે પક્ષની હાર થઈ છે. બેનીપ્રસાદે ભાજપ અને સમાજવાદી પાર્ટી પર તેજાબી આક્ષેપો કર્યા હતા. બેનીએ દાવો કર્યો હતો કે કોંગ્રેસ ઉત્તરપ્રદેશમાં ૫૦ બેઠકો પર જીત મેળવશે.

તેમણે ઉમેર્યું હતું કે મુઝફ્ફરનગરમાં તાજેતરમાં ભડકી ઉઠેલી હિંસા ગુજરાતમાં ગોધરા કરતા પણ વધારે વિનાશકારી હતી. વર્માએ ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી પર સીધા આક્ષેપો કર્યા હતા અને કહ્યું હતું કે આગામી ૪૦ વર્ષ સુધી મોદી પીએમ ઈન વેટિંગ તરીકે રહેશે. બેની પ્રસાદ વર્માએ કહ્યું હતું કે દેશના આગામી વડાપ્રધાન રાહુલ ગાંધી બનશે. વર્માએ આક્ષેપ કર્યો હતો કે મુઝફ્ફરનગરમાં કોમી હિંસા સમાજવાદી પાર્ટી અને ભાજપના કારણે થઈ હતી. સરકાર મુસ્લિમ લોકો સાથે વિશ્વાસઘાત કરી રહી છે. રાહત કેમ્પમાં પ્રવર્તી રહેલી સ્થિતી અંગે વાત કરતા તેમણે કહ્યું હતું કે કબ્રસ્તાન જેવી હાલત બનેલી છે.

અમેઠીમાંથી ચૂંટણી લડવાની યોજના હોવાની આમ આદમી પાર્ટીના નેતા કુમાર વિશ્વાસની વાત અંગે પ્રતિક્રિયા કરતા તેમણે કહ્યું હતું કે રાહુલ ગાંધી સામે કોઈ પણ મેદાનમાં આવી શકે તેમ નથી. રાહુલ સામે લડનાર વ્યક્તિ તેમની સિક્યુરિટી ગુમાવશે.



બેનીપ્રસાદે દાવો કર્યો હતો કે કોંગ્રેસ ઉત્તરપ્રદેશમાં ૫૦થી પણ વધારે બેઠકો પર જીત મેળવશે. બેનીએ કેસરગંજ અને ગોન્ડા બેઠક પરથી ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી. વર્માએ કહ્યું હતું કે સમાજવાદી પાર્ટીની સરકાર અને મિલ માલિકો શેરડીના ખેડુતો સામે વિશ્વાસઘાત કરી રહ્યા છે. મિલોમાં કામ શરૂ કરવામાં વિલંબની સ્થિતી છે.

# અખિલેશના કાફલામાં ગાડીની સંખ્યા ઘટી છે

લખનૌ,તા.૫

આમ આદમી પાર્ટીએ નવી પહેલ કર્યા બાદ તેની અસર જોવા મળી રહી છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે પણ હવે પોતાના વાહનોના કાફલામાં કાપ મુકવાનો નિર્ણય કર્યો છે. હવે અખિલેશ યાદવના કાફલામાં વાહનોની સંખ્યા ઓછી રહેશે. અખિલેશ યાદવના કાફલામાં હજુ સુધી ૧૦ ગાડી રહેતી હતી પરંતુ હવે સંખ્યા ઘટાડીને પાંચ કરી દેવામાં આવી છે. અખિલેશના કાફલામાં વાહનોની સંખ્યા ઘટાડી દેવામાં આવી છે. સાથે-સાથે એવો નિર્ણય પણ કરવામાં આવ્યો છે કે, માર્ગો પર તેમનો કાફલો પસાર થઈ ગયા બાદ ટ્રાફીકને બિનજરૂરી રીતે રોકવામાં આવશે નહીં. સમાજવાદી પાર્ટીના પ્રવક્તા અને કેબિનેટ પ્રધાન રાજેન્દ્ર ચૌધરીએ આજે કહ્યું હતું કે, મુખ્યમંત્રી પહેલાથી જ નાના કાફલામાં ચાલી રહ્યા હતા. હવે અખિલેશ યાદવે તેમાં વધુ ઘટાડો કરી દીધો છે. સાથે-સાથે વીઆઈપી લોકો પસાર થઈ ગયા બાદ વાહન વ્યવહારને પણ રોકવામાં આવશે નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી બન્યા બાદ અખિલેશે પોતાના કાફલામાં વાહનોની સંખ્યા ઘટાડીને ૧૦ કરી હતી. આ અગાઉ માયાવતીના કાફલામાં ૨૫ ગાડી હતી. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બિનજરૂરી ખર્ચા ઉપર કાપ મુકવાનો હાલમાં જ નિર્ણય કર્યો હતો. આ અગાઉ રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેએ પોતાના સરકારી આવાસને છોડવાનો નિર્ણય કર્યો હતો. સાથે-સાથે પોતાની સુરક્ષામાં પણ કામ મુક્યો હતો.

### રસ્તે રઝળતી વારતા (ચોથા પાનાનું ચાલુ...)

રક્ષણ કરવું જોઈએ. સ્ત્રી એક સ્વતંત્ર ચેતના છે અને એની ઈચ્છા સિવાય એના પર કશું લાદી ન શકાય. આ વાત સોએ સો ટકા સ્થપાઈ નથી તેમ છતાંય ધીરેધીરે પારિવારીક જીવનમાં આ વાત સ્થપાતી આવે છે, પરંતુ, સાર્વજનિક જીવનમાં સ્ત્રી-પુરૂષ-માનસ નહી શોધે, ત્યાં સુધી સો ટકા સફળતા મળવી મુશ્કેલ છે.

સવાલ માનસિકતાનો છે. સ્ત્રીઓ પણ નાગરિક સ્વાતંત્ર્યના પાઠ ભણી ચૂકી છે એવું નથી. સાસુ-નણંદની આણ તો જાણીતી છે. તદુપરાંત નોકર-ચાકરના સંબંધમાં પણ સત્તાની બદબૂ આવી જ જાય છે. મનુષ્ય જાતને જો જંગલનો કાયદો નહીં, પરંતુ સુસંસ્કૃત માનવોનો સભ્ય સમાજ રચવો હશે. તો એમાં એકમેકના સ્વાતંત્ર્યની રક્ષાની જવાબદારી હોવી એ આચાર - સંહિતાનો પ્રથમ પાઠ હશે : સ્ત્રીપુરૂષ-સહજીવનમાં પુત્ર, ભાઈ, પતિ જેવા પારિવારીક સંબંધે જોડાવામાં પુરૂષ શીખ્યો, પરંતુ આ સહનાગરિકત્વના પાઠ ભણવામાં સ્ત્રીપુરૂષ બંને માટે નવું છે. એટલે ભૂલ થાય, પડવા - આખડવાનું થાય, પરંતુ એનાથી દૂર ભાગવાનું તો ન જ થવું જોઈએ.

પોતાના તરફથી બીજાને સર્વથા નિર્ભય કરી દેવું એ ઉત્તમ શીલનું લક્ષણ છે. રાબિયા સંત એટલે બનીકે એની પાસે પશુ-પંખી જ નહીં, જંગલી પ્રાણીઓ પણ નિર્ભય હતા. વિનોબાએ નિર્ભયતાની વ્યાખ્યા જ બેવડી આપી છે. ન ડરવું, ન ડરાવવું. સાર્વજનિક જીવનમાં અનાયાસ મોંમાથી સરી પડતા કોઈ ઉક્તિનાં સંદર્ભે પ્રત્યેક માણસે પોતે માપતોલ કાઢી લેવું પડે છે કે પોતે કયાં ઊભો છે. આશા છે કે આપણો સમાજ નાગરિકત્વની દિશામાં એક ડગલું આગળ માંડશે.

# ગોરખપુરમાં નરેન્દ્ર મોદીની ૨૩મીએ ભવ્ય રેલી યોજાશે

## સુરક્ષા પાસાઓની પણ ચકાસણી શરૂ કરાઈ : વડાપ્રધાનપદના ઉમેદવારની રેલીને ધ્યાનમાં લઈને તમામ તૈયારી : ફર્ટિલાઈઝર ફેક્ટરી ગ્રાઉન્ડ ઉપર રેલી થઈ શકે

ગોરખપુર,તા. ૫

ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી ૨૩મી જાન્યુઆરીના દિવસે ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં વિશાળ રેલીને સંબોધન કરનાર છે. આની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. અલબત્ત રેલીના સ્થળ અંગે હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી પરંતુ પોલીસ અને વહીવટીતંત્રના અધિકારીઓ મોદીની સુચિત રેલીને ધ્યાનમાં લઈને તમામ તૈયારીમાં લાગી ગયા છે. સુચિત સ્થળ તરીકે ફર્ટિલાઈઝર ફેક્ટરી ગ્રાઉન્ડ ખાતે ચકાસણી કરવામાં આવી રહી છે. એસએસપી



પ્રદીપ કુમારના નેતૃત્વમાં ટીમ દ્વારા સુચિત સ્થળની ચકાસણી કરવામાં આવી ચુકી છે. લોકોની દ્રષ્ટિએ આ સ્થળ યોગ્ય હોઈ શકે છે. સુરક્ષાના પાસા પર ચકાસણી કરવામાં આવી રહી છે. ભાજપના સાંસદ યોગી આદિત્યનાથ પણ સુચિત સ્થળની ચકાસણી કરી ચુક્યા છે. જો કે સ્થળના સબંધમાં અંતિમ નિર્ણય કરવામાં આવ્યો નથી. નરેન્દ્ર મોદી તાજેતરના સમયમાં એકપછી એક રેલી દેશભરમાં યોજી રહ્યા છે. કોંગ્રેસ પર તેમના આક્ષેપ તીવ્ર બની રહ્યા છે. લોકસભાની ચૂંટણી નજીક આવી ચુકી છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ દ્વારા એકબીજા પર આક્ષેપ પ્રતિ આક્ષેપ વધારે તીવ્ર થઈ રહ્યા છે.

# અમિત શાહ ઉત્તર પ્રદેશમાં તેમના ટાર્ગેટમાં નિષ્ફળ છે : ભાજપમાં જૂથવાદની સ્થિતિ યથાવત્

## પ્રભારી બન્યાને ૭ મહિનાનો સમય થયો હોવા છતાં ભાજપની સ્થિતિ મજબૂત બની નથી

લખનૌ,તા.૫

ઉત્તર પ્રદેશ ભાજપના પ્રભારી બનતાની સાથે જ અમિત શાહે બુથ સ્તર સુધી સંગઠન સર્જવા, સામાન્ય કાર્યકરોનો સંપર્ક સ્થાપિત કરવા અને પક્ષના દરરોજના ખર્ચ માટે ૫૦ કરોડ રૂપિયાનો ફંડ એકત્રિત કરવાની વાત કરી હતી. પરંતુ આ મામલામાં હજુ સુધી નોંધપાત્ર સફળતા હાથ લાગી નથી. ઉત્તર પ્રદેશમાં ભાજપની સ્થિતિ હજુ સુધી મજબૂત બની રહી નથી. પ્રભારી બન્યાને સાત મહિનાનો સમય થઈ ગયો છે પરંતુ અમિત શાહ ટાર્ગેટ ઉપર પહોંચી શક્યા નથી. કારણ એ છે કે અમિત શાહ માટે ઉત્તર પ્રદેશ માટે વધારે સમય દેખાઈ રહ્યો નથી. તેમને મળવામાં યુવા કાર્યકરો નિષ્ફળ રહ્યા છે જેના કારણે અમિત શાહની પ્રતિષ્ઠાને પણ અસર થઈ રહી છે. બૂથ કમિટી બનાવવાની કામગીરી સૌથી મહત્વપૂર્ણ હતી. સપ્ટેમ્બર મહિનામાં આ કમીટિ બનાવવાની કામગીરી પૂરી કરવામાં આવનાર હતી. અનેક વખત સમય વધારવામાં આવ્યો હોવા છતાં આમા હજુ સુધી સફળતા હાથ લાગી નથી. ૧૦મી જાન્યુઆરીની તારીખ હવે આના માટે નક્કી કરવામાં આવી છે. અમિત શાહ પોતે માને છે કે જો બુથ કમીટી બનશે નહીં તો મોદીનું મોજું હોવા છતાં પાર્ટીના પક્ષમાં વધારે મતદાન થશે નહીં. કાર્યકરોનો સંપર્ક કરવા માટે મોદીએ તમામને પોતાના ફોન નંબર અને ઈમેઈલ આપ્યા છે પરંતુ શરૂઆતની બે બેઠકો બાદ આ પ્રક્રિયા શક્ય બની નથી. કાર્યકરોનું કહેવું છે કે અમિત શાહ ખૂબ ઓછી વખત ઉત્તર પ્રદેશમાં નજરે પડી રહ્યા છે. તેઓ ખૂબ જ વ્યસ્ત રહે છે જેથી તેમને મળવાનો સમય મળી શકતો નથી. પાર્ટી ફંડ એકત્રિત કરવાની તારીખો પણ વધારી દેવામાં આવી છે. છેલ્લા સાત મહિનામાં અમિત શાહ કુલ ૨૪ વખત ઉત્તર પ્રદેશ આવ્યા છે જેમાં મોદીની કાનપુર, જ્હાંસી, આગ્રા, બહરાઈચ, વારાણસી રેલીમાં મંચ ઉપર ઉપસ્થિત રહ્યા હતા. મોટાભાગના પ્રવાસ એક દિવસના હતા જેમાં સવારે આવ્યા બાદ સાંજે પરત ફર્યા હતા. પાર્ટીના પીએમ પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ઉત્તર પ્રદેશના રાજકારણમાં એક મુદ્દો બની ચૂક્યા છે પરંતુ જૂથવાદ અને આંતરિક ખેંચતાણના પરિણામ સ્વરૂપે ઉત્તર પ્રદેશમાં ભાજપની સ્થિતિ હજુ મજબૂત બની શકી નથી.

# સમાચાર ઝલક

- ♥ બાંગ્લાદેશમાં હિંસા સાથે મતદાન ચાલું રહ્યું.
- ♥ ગોવામાં મકાન ધરાશાયી થતાં ૯ વ્યક્તિઓનાં મોત.
- ♥ સંદેશા વ્યવહારનો ઉપગ્રહનું ઉડ્ડયન થયું.
- ♥ સમલૈગિંક સંબંધોની કેન્દ્રની સુપ્રીમમાં અરજી પાછી ખેંચી લેવાશે.
- ♥ અમેરિકા-ન્યુયોર્કમાં હીમપ્રપાતથી અનેક ફલાઇટો રદ્દ.
- ♥ જૂનાગઢ મગફળી સંશોધન કેન્દ્રના ૧૦૦ કર્મચારીઓને છૂટા કરાયા.
- ♥ મોઢેરા સૂર્યમંદિરમાં જાન્યુઆરીમાં ઉત્તરાયણ મહોત્સવ યોજાશે.
- ♥ સૂરતમાં સી.એન.જી.ના ભાવ ન ઘટાડતાં કોર્ટમાં રીટ દાખલ કરાઇ.
- ♥ વડોદરા સ્ટેશનેથી ૧૦ કાચબા સાથે એક વ્યક્તિની ધરપકડ કરાઇ.
- ♥ કવિ શ્રી ચીનુ મોદીને સાહિત્ય એવોર્ડ મળ્યો.
- ♥ એનસીપીના પ્રમુખ શરદ પવાર લોકસભા ૨૦૧૪માં ચૂંટણી નહીં લડે.
- ♥ ભાવનગરનો ધોરણ-૯માં અભ્યાસ કરતો કરણ રાષ્ટ્રીય કક્ષાએ ચિત્ર સ્પર્ધા જીત્યો.
- ♥ જામનગર-રાજકોટ-ગોંડલમાં ભૂકંપના આંચકા અનુભવાયા.
- ♥ સમાજવાદી પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓએ ઉત્તરપ્રદેશનાં અનેક જિલ્લાઓ અને શહેરોમાં ટોલટેક્ષની જગ્યાએ અને અનેક સરકારી કર્મચારીઓ સાથે મારપીટ કરી ઉત્તરપ્રદેશમાં દાદાગીરીનું વાતાવરણ ઉભુ કર્યું છે.
- ♥ મુંબઇમાં આઇ.ટી.નાં વિદ્યાર્થીઓ સાથે રજત શર્માએ ચર્ચા કરી.
- ♥ નકલસવાલીઓએ મોટા પાયે હુમલા માટે અનેક હોસ્પિટલો અને સ્ટેશનોની રેંકી કરીના અહેવાલ.
- ♥ મરાઠી ઉભિનેત્રી પુનાવાલે ગુમ થઇ.
- ♥ થાઇલેન્ડમાં સરકાર સામે દેખાવો.
- ♥ ઇરાનમાં આતંકી તથા સેનાના જવાનો વચ્ચે ભારે અથડામણ.
- ♥ ટીસીએલ કંપની ૫૦ હજાર કર્મચારીઓની ચાલુ વર્ષે ભરતી કરશે.
- ♥ રામદેવ ટ્રસ્ટનો સ્થાપના દિવસ ઉજવાયો.
- ♥ ઉત્તરાયણમાં નિમિત્તે ચાઇનીઝ દોરીનાં વેચાણ અને ખરીદ પર પ્રતિબંધ લાગવતું પર્યાવરણ વિભાગ.